**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૩૭ ટકા

# શહેરમાં મા અંબા પ્રાગટયોત્સવ ઉજવાયો

## જય અંબે પરિવાર દ્વારા ૧૭૫ વાનગીનો અન્નકૂટ ધરાવી પ્રાગટયોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૦

જગત જનની 'મા' ભગવતી જગદંબાના પ્રાગટય દિવસ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા સે-૧૩-બી ખાતે માતાજી પૂજન અર્ચન તથા અન્નકૂટ દર્શન યોજાયા હતા. જેમાં ૧૭૫ જેટલી અલગ અલગ વાનગીઓ માતાજીને ધરાવવામાં આવી હતી. આ ઉપરાંત સમૂહ ભકિતવંદના, સ્વાધ્યાય અને આનંદનો ગરબો યોજાયો હતો. ત્યારબાદ પરિવારના સભ્યોના તેજસ્વી સંતાનોને શૈક્ષણિક સફળતા માટે શુભેચ્છા સહિત ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

પોષી પૂનમ નિમિત્તે જગદંબા પ્રાગટય દિવસની ઉજવણી જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા સે-૧૩-બી સ્થિત શકિતચોક ખાતે કરવામાં આવી હતી. જયાં માતાજીને ૧૭૫ વાનગીઓ સાથે અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. લગભગ



૧૦૦ જેટલી મીઠાઈ, ૨૫ શાકભાજી સાથે અથાણાં, ફરસાણ, ફ્રૂટ, જયુસ વગેરે પરિવારની મહિલા પાંખ દ્વારા અન્નકૂટ અર્થે તૈયાર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે બહેનો દ્વારા અન્નકૂટની રસોઈ બનાવતી વખતે પવિત્રતા જાળવવામાં આવી હતી. ચામડાની વસ્તુ રસોઈ ઘરમાં ન પ્રવેશે તે વિશે તકેદારી તથા રસોઈ બનાવતી વખતે ફેસ માસ્ક પહેરવામાં આવ્યા હતા. દરેક વાનગી તથા વ્યંજનો માતાજીને ધરાવી થાળગાન તથા સમૂહઆરતી કરવામાં આવી હતી.

અન્નકૂટ ઉપરાંત, સમૂહ સ્વાધ્યાય તથા ભાવનાબેન જોષીનો આનંદનો ગરબો યોજાયો હતો તથા પરિવારના સભ્યોના નર્સરીથી કોલેજ સુધી એમ કુલ ૪૮ તેજસ્વી સંતાનોને શૈક્ષણિક સફળતા માટે શુભેચ્છા સહિત ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## આગામી ૭મી ફેબ્રુઆરીએ વિશ્વકર્મા પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૦

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા વિશ્વકર્મા પ્રભુનો ૧૬મો પાટોત્સવ અને મા ભગવતી રાંદલ માતાજીનો ત્રીજો પાટોત્સવ તા.૭મી ફેબ્રુઆરી શુક્રવારના રોજ ધામધુમથી ઉજવવામાં આવનાર છે. સુથાર સમાજના તમામ ભાઈઓ-બહેનોને આ દર્શનનો લાભ લેવા જણાવેલ છે. જેને પાટોત્સવના સહયજમાન બની હવનનો લાભ લેવો હોય તેમજ સમુહ રાંદલ તેડાની ઉજવણીમાં ભાગ લેવો હોય તેમને મંદિર કાર્યાલયમાં સંપર્ક કરવા વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરના પ્રમુખ બિપીનભાઈ ગજજરે જણાવ્યું છે. તથા વધુ મહિતી માટે ૯૪૨૮૮૧૪૭૧૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.



ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ અને ટીમ દ્વારા સે-૨૮ સરકારી પ્રાથમિક શાળાના બાળકોને પતંગ વિતરણ કરવામાં આવ્યું હતું.

## સે-૬માં સ્વચ્છતા અભિયાનની ઐસી તૈસી...!? જાહેરમાં કચરો ખુલ્લેઆમ સળગાવાય છે...!?

ગાંધીનગર, તા.૧૦

સરકારમાં ઉચ્ચ કક્ષાએથી તથા સ્થાનિક વહીવટીતંત્ર અને મહાનગરપાલિકા દ્વારા ગાંધીનગરને સ્વચ્છ અને સ્વસ્થ બનાવી સ્માર્ટ સિટી તરીકે પ્રસ્થાપિત કરવાના પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે બીજી તરફ કેટલાક બેજવાબાર નાગરિકો જાહેરમાં આડેધડ કચરો નાખવાની અને સળગાવવાની પ્રવૃત્તિ આચરી સ્માર્ટ સિટી પ્રોજેકટની હાંસી ઉડાવી રહ્યા છે.

ગાંધીનગરના સે-૬-બીમાં ગ-૨ સર્કલ નજીકના પ્લોટ નં. ૬૬૩, પ્રમુખ પ્રેરણા



કોમ્પ્લેક્ષની સામે જ ખુલ્લેઆમ કચરો નાખવાની અને સળગાવવાની પ્રવૃત્તિ કેટલાક બેજવાબદાર સ્થાનિક રહીશો, વેપારીઓ દ્વારા કરવામાં આવી રહી છે. જાગૃત નાગરિકો તરફથી તેમને રોકવા જતાં ચોર કોટવાલને દંડે એમ ઉદ્ધતાઈભર્યું વર્તન કરવામાં આવે છે. જાહેરમાં કચરો નાખવો કે સળગાવવો એ કાયદા મુજબ ગુનો બનતો હોઈ મહાનગરપાલિકા તંત્રએ આ બાબતે તપાસ કરી દોષિતો સામે કડક હાથે દંડનીય કાર્યવાહી કરવાની જરૂર છે.

## શહેરના ૧૩ તરવૈયા નેશનલ સ્વીમીંગ સ્પર્ધામાં ભાગ લેશે

ગાંધીનગર, તા.૧૦

શ્રી રામ સ્વીમીંગ કલબ દ્વારા નેશનલ સ્વીમીંગ સ્પર્ધાનું આયોજન પોરબંદર મુકામે તા. ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ કરવામાં આવનાર છે. જેમાં તમામ રાજયના તરવૈયાઓ સાથે સે-૨૧ સચિવાલય જીમખાનાના મુખ્ય કોચ કે.જી. ભગત તથા મહિલા કોચ મનિષાબેન ત્રિપાઠી તથા શરદભાઈ વ્યાસ દ્વારા ટ્રેન કરેલ ૧૩ સ્વીમીર્સ ભાગ લેશે. જેમાં કોફીક મેમણ, ચિરાગ પટેલ, સુમિત ચૌધરી, સ્નેહા પોપટ ચક્રવર્તી, ડૉ.નેહા બાવરવા, મુનેશસિંગ, આરવ પટેલ, ત્રિવેધ પટેલ, ગુરૂપ્રિત રાજકુંવર, રિતેશ પ્રજાપતિ, ધાર્મિક પટેલ અને શ્રીજી નિમાવત ૧ કીમીથી ૧૦ કીમી સ્વીમીંગ સ્પર્ધામાં ભાગ લેશે.

## શહેરના મધ્યસ્થ એસ.ટી. ડેપોની કંપાઉન્ડ વૉલ યુવા ચિત્રકારોએ ચિત્રો વડે શણગારી!!





ગાંધીનગર, તા.૧૦

ભારત સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાનને વધુ અસરકારક બનાવવા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૦નું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં ગાંધીનગર પણ ભાગ લઈ રહ્યું છે. આ અંતર્ગત શહેરમાં સ્વચ્છતાના વિવિધ આયામો પર કામ કરવામાં આવી રહ્યું છે. તેમાં શહેરની જાહેર દિવાલો સ્વચ્છ અને સુંદર લાગે તે હેતુથી 'વૉલ પેઈન્ટીંગ સ્પર્ધા' યોજવામાં આવી રહી છે. અગાઉ આ સ્પર્ધા ખ રોડ પર યોજાઈ હતી જયારે આજ શહેરના મધ્યસ્થ બસ સ્ટેન્ડની દિવાલો માટે યોજવામાં આવી હતી. જેમાં સી.એન. ફાઈન આર્ટસના ૫૬ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ સ્વચ્છતા તથા પર્યાવરણ જાગૃતિ જેવા વિષયો પર વિવિધ કલાત્મક ચિત્રો દોર્યા છે.

ગાંધીનગરના એસ.ટી. ડેપો ખાતે યોજાયેલી વૉલ પેઈન્ટીંગ સ્પર્ધાના સમાપન પ્રસંગે શહેરના મેયર રીટાબેન પટેલ, મ્યુનિસિપલ કમિશનર રતનકંવર ગઢવીચારણ, ડેપ્યુટી મ્યુ. કમિશનર પી.સી. દવે, પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, અગ્રણી મહિલા કોર્પોરેટર્સ હર્ષાબા ધાંધલ, નીલાબેન શુકલ અને પ્રવિણાબેન વોરા ઉપરાંત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલની ઉપસ્થિતિમાં સ્પર્ધાના વિજેતા સ્પર્ધકોને ઈનામો તથા પ્રમાણપત્રોથી સન્માનવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે તૃષા વ્યાસ અને શૈલેષ દવેએ સેવાઓ આપી હતી.

વિજેતા સ્પર્ધકોમાં પ્રથમ સ્થાને રહેલ પ્રદિપ વનાલિયાને રૂ. ૫ હજારનો પુરસ્કાર, દ્વિતિય સ્થાને અગ્રજા વર્મા અને સિન્જોની સરકારને રૂ. ૩ હજારનો પુરસ્કાર તથા તૃતીય સ્થાને આવેલ માર્ગી મકવાણાને રૂ. ૨ હજારનો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. ભાગ લેનાર તમામ સ્પર્ધકને રૂ. ૫૦૦ રોકડા તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.







## ઓનલાઈન છેંતરપિંડીનો ભોગ બનેલા વધુ નાગરિકો સામે આવ્યા

**દહેગામ, કલોલ અને ગાંધીનગરના નાગરિકો ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા : હજી વધુ નાગરિકો ભોગ બન્યા હોવાની સંભાવના**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરના આનંદ રેસીડન્સીમાં રહેતા અને અમદાવાદ ખાતે વીમા કપંનીમાં ફરજ બજાવતા સેજલબેન પટેલને મોબાઈલ પર ગત તા.૨૦ ઓકટોબરના રોજ એક ફોન આવ્યો હતો. જેમાં તેણે દિવાળીની ડબલ કેશબેક ઓફર ની લાલચ આપી એક લીંક આપી હતી. જે લીંક ઓપન કરતા જ તેમના એકાઉન્ટમાંથી બે તબક્કામાં રૂ.૬ હજાર ઉપડી ગયા હતા. આ બનાબ પછી એપ જોતા તે રોઝોર પે એપ હતી. સેજલબેને ઓનલાઈન અરજી કર્યા બાદ દહેગામ પોલીસ મથકમાં સામેથી આવેલા ફોન નંબરના આધારે આઈટી એકટ હેઠળ ફરીયાદ નોંધાઈ છે.

જયારે બીજા બનાવમાં કલોલ ખાતે રહેતા સુનિલકુમાર પ્રજાપતિએ તા.૨૪ નવેમ્બરના રોજભત્રીજાના ફોનમાંથી એમેઝોન પર પ્રિન્ટરની ટોનરનો ઓર્ડર કર્યો હતો. ટોનરના રૂ.૧૨૭૫૦ પણ તેમણે ચુકવ્યા હતા. પરંતુ ટોનર આઉટ ઓફ સ્ટોક બતાવતા રૂપીયા બેંકમાં જમા આવી ગયા હતા. પરંતુ તેનો મેસેજ આવ્યો ન હતો. આ સમયે તેમને ફોન આવ્યો હતો કે તેમારા પૈસા પરત મેળવવા માટે મોકલેલી લીંક ખોલીને પૈસા મેળવી લો. જેથી લીંક ખોલતા જ તેમના ફોન પર વારંવાર સંપર્ક કરવા છતા પૈસા પરત ન મળતા તેમણે આ અંગે આખરે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે.

જયારે ત્રીજા બનાવમાં સેકટર-૫ ખાતે રહેતા યુવક કેવીન વરગીસ ચીટીલાપિલ્લીએ સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. તે મુજબ તા.૨૩ ડિસેમ્બરના રોજ કેવીનના ફોન પર એર એશિયા કંપનીમાંથી જોબ માટે સિલેકટ થયાનો ટેક્સ મેસેજ આવ્યો હતો. યુવકે પોન કરતા ઓનલાઈન ફોર્મ ભરાવ્યા બાદ ઈન્ટરવ્યુ પચી પૈસા પરત આપી દેવાની વાત કરીનો ગેરંટી આટે રૂ.૮૫૬૦ ભરાવ્યા હતા તો ઉપરાંત જીએસટી સાથે બીજા ૧૦૯૭૫ ભરાવ્યા હતા. યુવકે કુલ રૂ.૧૯૫૧૭ ભરી દીધા બાદ સામેવાળાએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધુ હતું.

જયારે અન્ય બનાવમાં સુઘડ ખાતે સત્યમેવ છાવણી ખાતે રહેતા પલ્લવીબેન લીલાધર બિસોના જણાવ્યા પ્રમાણે સપ્ટેમ્બરમાં ઓએલએકસ પર બે બેડ વેચવા માટે એડ મુકી હતી. જેમાં સામેથી રાજકુમાર નામના શખસોનો ફોન આવ્યો હતો. જેમાં પોતે આર્મીમાં હોવાથી સમય મળતો ન હોવાથી ઓનલાઈન પેમેન્ટ કરી આપવાનું કહ્યુ હતું. જેથી મહિલાએ ગુગલ પે નો ક્યુઆર કોડ મોકલતા તેણે રિકવેસ્ટ મોકલી હતી જે લીંક પર કલીક કરતા રૂ.૨ હજાર આવી ગયાનું કહ્યું હતું. તેણે ફરી એક રિકવેસ્ટ મોકલીને કહ્યુ હતું કે મેડમ ભુલથી રૂ.૨૦ હજાર આવી ગયા છે. એટલે રીકવેસ્ટ પર કલીક કરો જેથી મારા પૈસા પરત મલી જાય. જેથી ભોળવાઈ ગયેલા ફરીયાદીએ બીજા રિકીવેવેસ્ટ પર કલીક કરતા ખાતામાંથી કુલ રૂ. ૨૨ હજાર ઉપડી ગયા હતા.

## ઉત્તરાયણ નિમિત્તે શહેરમાં ટોપી, બ્યૂગલ અને માસ્કનું વેચાણ શરૂ

### પંખાવાળી ટોપી પતંગ બજારમાં આકર્ષણનું કેન્દ્ર

**આમ તો પહેલા પતંગ કપાય ત્યારે ધાબા પરથી લપેટ... લપેટ.. કે કાપ્યો છે..ની બૂમ સંભળાતી જેનું સ્થાન હવે નાના મોટા બ્યૂગલ એ લીધું છે કે જયાં પતંગ સામેવાળાનો કપાયો નથી અને બ્યૂગલના અવાજ શહેરના દરેક ધાબા પરથી સંભળાય છે.**

ગાંધીનગર, તા.૧૦

ઉત્તરાયણના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે શહેરીજનો પણ ઉત્તરાયણની ખરીદીમાં લાગી ગયા છે. શહેરના માર્કેટમાં ઉત્તરાયણ નિમિત્તે વિવિધ ચીજ વસ્તુઓનું વેચાણ થઈ રહ્યું છે. પતંદ-દોરી સાથે ટોપી અને માસ્ક, અવાજ કરતા બ્યૂગલ પણ ટ્રેન્ડમાં છે. જે લપેટ...લપેટ... બોલવાની જગ્યાએ અમૂક અવાજની સામેવાળાનો પતંગ કપાયા હોવામાં સૂર પૂરાવે છે.

શહેરના માર્કેટમાં દોરી પતંગની સાથે વિવિધ પ્રકારની ટોપી, માસ્ક અને અવાજ કરતા બ્યૂગલ વેચાઈ રહ્યા છે. લેડીઝ અને જેન્ટસ ટોપીમાં વિવિધ વેરાયટી જોવા મળી રહી છે સાથે બાળકો માટે સોલર પંખાવાળી ટોપી પણ વેચાણમાં છે જે ખરીદવાનો કેઝ વધુ છે. આ સાથે સિંહ, વરૂ, ચિત્તો જેવા પ્રાણીના માસ્ક પણ ચલણમાં છે.

શહેરમાં વેચાતી સોલર પંખાની ટોપી ૧૦૦ થી ૧૨૦ રૂપિયા, લેડીઝ ટોપી ૮૦ થી ૧૦૦ રૂપિયા, જેન્ટસ ટોપી ૮૦ થી ૧૫૦ રૂપિયા, બ્યૂગલ ૧૦ થી લઈ ૧૦૦ રૂપિયા સુધી વેચાણમાં છે.



## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**છપાક**
૯.૦૦, ૧૧.૪૫, ૧૨.૫૫, ૨.૩૦, ૩.૩૫, ૫.૧૫, ૮.૦૦, ૯.૩૦, ૧૦.૪૫

**તાન્હાજી:ધ અનસંગ વોરિયર**
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦

**દરબાર (હિન્દી)** - ૩.૫૫

**ગુડ ન્યુઝ**
૧૦.૨૦, ૩.૦૦, ૭.૧૦, ૧૦.૦૦

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૧.૧૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**છપાક**
૧૦.૩૫, ૧૨.૨૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫

**તાન્હાજી:ધ અનસંગ વોરિયર**
૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૩૦, ૧.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૮.૩૦, ૯.૩૦, ૧૦.૩૦

**દરબાર (હિન્દી)** - ૪.૦૦

**ગુડ ન્યુઝ**
૯.૩૫, ૧.૧૦, ૫.૪૦, ૧૦.૩૦

**સિટી પલ્સ, કુડાસણ**

**તાન્હાજી**
૧૧.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૪.૪૫, ૭.૦૦, ૯.૪૫, ૧૦.૦૦

**છપાક**
૧૨.૩૦, ૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૭.૧૫, ૯.૩૦

**દરબાર (હિન્દી)**
૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ગુડ ન્યુઝ**
૨.૩૦, ૭.૧૫, ૯.૪૫

**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૧.૩૦

**હેલ્લારો (ગુજરાતી)**
૫.૦૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**છપાક**
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૯.૪૫, ૧૦.૪૫

**તાન્હાજી**
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

**દરબાર (હિન્દી)**
૯.૧૫, ૩.૩૦

**ગુડ ન્યુઝ**
૧૨.૩૦, ૬.૪૫

## @ગાંધીનગર

● ગોસ્વામી સંજય ભારતીની વ્યાસપીઠે કોલવડા સ્થિત નિલકંઠ મહાદેવ ખાતે ૧.૩૦ થી ૫ વાગ્યા દરમિયાન શિવકથા યોજાશે.

● લિંબચ માતાજી મંદિર સે-૧૩ ખાતે સવારે ૬ થી ૭.૧૫ દરમિયાન યોગ તાલીમ શિબિર યોજાશે.

● મધુર ડેરી આયોજીત પતંગોત્સવ સવારે ૧૦ થી ૧૨ દરમિયાન સે-૧૧ સ્થિત રામકથા મેદાન ખાતે યોજાશે.

● ગુજરાત પોલીસના વિશ્વાસ અને સાયબર આશ્વત પ્રોજેકટ લોકાર્પણ કાર્યક્રમ સવારે ૯.૩૦ વાગ્યે મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર ખાતે યોજાશે.

## દુઃખદ અવસાન

સ્વ.કોકીલાબેના ગોરધનભાઈ ગજ્જર તા. ૮મી જાન્યુઆરીના રોજ અક્ષરનિવાસી થયા છે. સદગતનું બેસણું તા. ૧૨-૧-૨૦૨૦ના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન ૧૪, શાલીન-૩, વાવોલ-ઉવારસદ રોડ, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

## ચિરવિદાય

● સ્વ. ઠાકોર લાખાભાઈ શિવાજી, ઉ.વ. ૨૬

● સ્વ. કોકીલાબેન ગોરધનભાઈ ગજ્જર, ઉ.વ. ૭૩

● સ્વ. મણીબેન મંગાભાઈ પટેલ, ઉ.વ. ૯૫